**વિકલાંગોને ઓળખપત્રો કાઢી આપવા બાબત.**

**બી.પી.એલ. ઉમેદવારોને આવકના પ્રમાણપત્રમાંથી મુકિત આપવા બાબત.**

ગુજરાત સરકાર
ક્રમાંકઃઅપગ–૧૦૨૦૦૭–૭૧૮–છ.૧
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**
સચિવાલય, ગાંધીનગર.

તા.૧૦/૯/૨૦૦૭

વંચાણમાં લીધાઃ (૧) સમાજકલ્યાણ વિભાગનો તા.૨૯.૧૦.૮૬નો ઠરાવ ક્રમાંકઃઅપગ–૧૦૮૪–૫૬૩૧(૮૬)–છ,
(૨) નિયામક, સમાજ સુરક્ષા ખાતાનો તા.૩.૫.૨૦૦૭નો પત્ર ક્રમાંકઃઅપગ/વિ.ઓખળપત્ર/૦૭–૦૮

**// પ્રસ્તાવના //**

આ વિભાગ હસ્તકના સમાજ સુરક્ષા ખાતા ધ્વારા વિકલાંગ વ્યકિતઓને રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ મળી શકે તે માટે વિકલાંગ વ્યકિતઓને સમાજ સુરક્ષા ખાતા ધ્વારા ઓળખપત્રો કાઢી આપવામાં આવે છે. વિકલાંગો માટેની જુદી જુદી યોજનાઓની જોગવાઈઓ અનુસાર તથા આ અંગેની માર્ગદર્શક સુચનાઓને અનુરૂપ આ કાર્યવાહી કરવામાં આવે છે. અનુભવે એવું જણાયું છે કે, જે વિકલાંગ વ્યકિતઓનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હોય તેવા વિકલાંગ વ્યકિતઓ પાસેથી પણ આવકના પ્રમાણપત્રો માંગવામાં આવે છે. એક અથવા બીજા કારણોસર આવા આવકના પ્રમાણપત્રો મેળવવામાં પડતી મુશ્કેલીઓ નિવારવા અને વિકલાંગોને રાજય સરકારની યોજનાઓનો લાભ સરળતાથી આપી શકાય તે હેતુસર બી.પી.એલ. યોજનામાં સમાવિષ્ટ થતાં લાભાર્થી વિકલાંગોને આવકના પ્રમાણપત્રો રજૂ કરવામાંથી મુકિત આપવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

**// ઠરાવ //**

રાજય સરકાર જરૂરી વિચારણા અંતે ઠરાવે છે કે, જે વિકલાંગ વ્યકિતઓનો સમાવેશ બી.પી.એલ. યાદીમાં થયેલ હોય તેવા વિકલાંગ વ્યકિતઓને ઓળખપત્ર મેળવવા માટે આવકનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે નહી.

નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાએ ગ્રામ વિકાસ વિભાગ તરફથી તૈયાર કરેલ બી.પી.એલ. કુટુંબોની વિગતો વેબસાઈટ ઉપરથી ખરાઈ કરીને અથવા આ અંગે લાભાર્થી તરફથી રજૂ કરવામાં આવેલ બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ થવા અંગેના

..૨...

123



આધારભૂત પૂરાવા લક્ષમાં લઈને બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ હોય તેવા વિકલાંગ વ્યક્તિઓને ઓળખપત્રો કાઢી આપવાની કાર્યવાહી કરવી.

આ હુકમો તાત્કાલિક અસરથી અમલમાં આવે છે. આ હુકમો નાણાં વિભાગની તા.૨૯.૮.૦૭ના રોજ મળેલી સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( પી.એમ. પટેલ )
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (x)
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર. // ૩ //
- સર્વે માનનીય મંત્રીશ્રીઓ/સર્વે માનનીય રા.ક. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય વહીવટી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ, 'વાહનવ્યવહાર ભવન', મધ્યસ્થ કાર્યાલય, આસ્ટોડીયા, અમદાવાદ. (x)
- વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- **નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ,બ્લોક નં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર... યોગ્ય અમલીકરણ માટે.**
- સચિવાલયના સર્વે વિભાગો.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ. (x)
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર. (x)
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા મારફત)
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, બ્લોક નં૭, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર (આ અંગે બહોળી પ્રસિધ્ધિ માટે જરૂરી પ્રેસ–નોટ આપવાની વિનંતી સાથે)
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની સર્વે શાખાઓ
- પસંદગી ફાઈલ/'છ.૧' શાખા / 'છ' શાખા
- નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઈલ.

(x) ટપાલ મારફત